# એકેડેમિક કાઉન્સિલની ભલામણ : શિક્ષણ વિદ્યાશાખા (બી.એડ.)

આથી ઠરાવવામાં આવે છે કે, શિક્ષણ વિદ્યાશાખા અંતર્ગત બી.એડ. ના અભ્યાસક્રમો શરૂ કરતી સંસ્થાઓ શિક્ષકોની નિમણૂંક અંગેની શરત સહિતની નીચે જણાવેલ શરતોનું વાસ્તવિક પરિપાલન તારીખ : ૩૦/૦૫/૨૦૧૮ સુધીમાં કરે તો તેને ઉપરના વિષયો / અભ્યાસક્રમો કાયમી સ્વનિર્ભરતાના ધોરણે શીખવવા માટે તારીખ : ૧૫/૦૬/૨૦૧૭ થી તારીખ : ૧૪/૦૬/૨૦૧૮ સુધીનું નવું જોડાણ આપવા કારોબારી સમિતિને ભલામણ કરવી.

<u>શરતો :</u>

૧. એન.સી.ટી.ઈ. ના ધારાધોરણ પ્રમાણે ૧૦૦ બેઠકની પ્રવેશ મર્યાદા માટે ૧ આચાર્ય અને ૭ શિક્ષક પ્રમાણે શૈ.સ્ટાફ નિમવાનો રહેશે.

૨. નોન ટીચીંગ સ્ટાફમાં એક સિનિયર કલાર્ક, એક જૂનિયર કલાર્ક તથા ચાર પટાવાળા અને એન.સી.ટી.ઈ. ના નોર્મ્સ મુજબ સ્ટોરકીપર-૧, એટેન્ડેન્ટ-૧, હેલ્પર-૧, સ્વીપર-૧, ચોકીદાર-૧ ની નિમણૂંક કરવી.

૩. બહેનો માટે સૂચિત કોલેજના મકાનની નજીક હોસ્ટેલની વ્યવસ્થા કરવી.

૪. કોમ્પ્યુટર માટે ઓછામાં ઓછા એક લાયકાત ધરાવતા ટેકનીકલ કર્મચારીની નિમણૂંક કરવી.

૫. એન.સી.ટી.ઈ. ના ધોરણો મુજબ બે પાર્ટ ટાઈમ ઈન્સ્ટ્રકટર જેઓ વર્ક એજયુકેશન તથા કલા અને સંગીતના જાણકાર હોય તેમની નિમણૂંક પાર્ટ ટાઈમ કરવી.

૬. ઓછામાં ઓછા ૧૫ શૈક્ષણિક સામાયિકો વસાવવા.

૭. રમતો માટે ચેસ, ટેબલ ટેનિસ, કેરમ વગેરે જરૂરી સાધનો વસાવવા.

૮. રમત ગમત તથા ફીટનેસ ટ્રેઈનીંગ માટે શારીરિક શિક્ષણના એક પાર્ટ ટાઈમ અધ્યાપકની નિમણૂંક કરવી.

૯. આચાર્યશ્રીની ઓફિસ માટે જરૂરી ફર્નિચર વસાવવું તથા ટેલીફોન અને સેનેટરીની વ્યવસ્થા કરવી.

૧૦. ઈ.ટી. રૂમ બનાવવામાં આવે અને જરૂરી ઉપકરણો તથા ફર્નિચર વસાવવું.

૧૧. મનોવૈજ્ઞાનિક પ્રયોગશાળા માટે જરૂરી સાધનો તથા મનોવૈજ્ઞાનિક કસોટીઓ વસાવવામાં આવે.

૧૨. યુનિવર્સિટીએ નિયત કરેલ લાયકાત ધરાવતા એક લાયબ્રેરીયનની નિમણૂંક કરવી.

૧૩. ગ્રંથાલયમાં સંદર્ભ પુસ્તકો ખૂબ જ ઓછા છે જે વસાવવામાં આવે. પાઠયપુસ્તકો ન વસાવવા.

૧૪. વિજ્ઞાન પ્રયોગશાળા માટે જરૂરી સાધનો વસાવવા.

૧૫. સૂચિત બી.એડ. કોલેજનું બિલ્ડીંગ એન.સી.ટી.ઈ. ના નિયમ મુજબ ત્રણ વર્ષમાં વર્ગખંડોની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને બનાવવું અને એન.સી.ટી.ઈ. પાસે મંજૂર કરાવી લેવું.

૧૬. એન.સી.ટી.ઈ. અને હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના નિયમ મુજબ ડીપોઝીટો જમા કરાવવી.

૧૭. યુ.જી.સી. તથા એન.સી.ટી.ઈ. ના ધારાધોરણ મુજબ કામકાજના પૂરતા કલાકો થઈ રહે તે રીતે વ્યવસથા ગોઠવવી અને સમયપત્રક તૈયાર કરવું.

૧૮. એન.સી.ટી.ઈ., યુ.જી.સી. તથા હેમ. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના નિયમોનું પાલન કરવું.

૧૯. ડીપોઝીટ અંગેની શરત :-

(૧) રાજય સરકારના ઠરાવ પ્રમાણે :

૧. પોતાનું સ્વતંત્ર મકાન ન ધરાવનાર કોલેજે પાંચ વર્ષમાં પોતાનું મકાન બનાવી દેવાનું રહેશે. આ માટે સંચાલક મંડળે યુનિવર્સિટીમાં રૂા.૧૨ લાખની ડીપોઝીટ યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે મૂકવાની રહેશે.

૨. કોલેજના કર્મચારીઓના પગાર ભથ્થા માટે અનામત ફંડ તરીકે યુનિવર્સિટીના કુલસચિવ અને સંસ્થાના સંયુકત નામે રૂા.૨ લાખ ડીપોઝીટ તરીકે છ વર્ષ માટે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાની રહેશે. જે યુનિવર્સિટીની પરવાનગી વિના ઉપાડી શકાશે નહીં.

૨૦. ઉપરોકત ડીપોઝીટ પૈકી જે તે હેતુ કે શરતનું સંસ્થા દ્વારા નિયત સમય-મર્યાદામાં પરિપાલન કરવામાં નહિં આવે તો જે તે હેતુસરની ડીપોઝીટ યુનિવર્સિટી દ્વારા જપ્ત કરવામાં આવશે.

૨૧. જે તે અભ્યાસક્રમ માટેનું રાજય સરકારશ્રીનું ''ના વાંધા પ્રમાણપત્ર'' કે ''સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી'' મેળવવાની જવાબદારી સંચાલક મંડળની રહેશે.

૨૨. રાજય સરકારશ્રીની સૈધ્ધાંતિક પૂર્વમંજૂરી વિના સંસ્થા વિદ્યાર્થી પ્રવેશ આપી શકશે નહી અને છતાં આપવામાં આવશે તો તે ગેરકાયદેસર પ્રવેશ ગણાશે અને તે માટેની સઘળી જવાબદારી સંસ્થાની રહેશે.

૨૩. નવી કોલેજના જોડાણ માટે રાજય સરકારશ્રીના તારીખ : ૨૧/૧૨/૨૦૦૧ ના ઠરાવ ક્રમાંક : યજન/૧૦૨૦૦૧/(૨૮)/ખ-૧ માં નમૂના-ક પ્રમાણેનું રૂા.૫૦-૦૦ સ્ટેમ્પ પેપર પર ડીડ ઓફ ડેકલેરેશન યાને એકરારનામું ફર્સ્ટ કલાસ મેજીસ્ટ્રેટ સમક્ષ અથવા નોટરી સમક્ષ કરી મૂકવામાં આવેલ વિવિધ ફિકસ્ડ ડિપોઝીટની રસીદોની નકલ સહિત રજૂ કરવાની રહેશે.

૨૪. યુનિવર્સિટીના વખતોવખતના નિયમો તથા સૂચનાઓનું સંસ્થાએ / કોલેજે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને યુનિવર્સિટીના આવા વખતોવખતના નિયમો સંસ્થા / કોલેજને બંધનકર્તા રહેશે.

૨૫. મંડળ / ટ્રસ્ટે શરૂ કરવા ધારેલ વિદ્યાશાખા દીઠ રૂા.૬,૦૦,૦૦૦/- (છ લાખ પૂરા) ની છ વર્ષ માટે યુનિવર્સિટીના કુલસચિવશ્રી અને મંડળના સંયુકત નામે રાષ્ટ્રીયકૃત બેંકમાં મૂકવાની રહેશે જે પાકતી મુદતે વ્યાજસહીત રીન્યૂ કરાવવાની રહેશે.

૨૬. સંસ્થાએ પોતાની આર્થિક સધ્ધરતા માટે રૂા.૨૫,૦૦,૦૦૦/- (પચ્ચીસ લાખ પુરા) ની રકમ રોકડમાં, બેંક બેલેન્સ કે ડીપોઝીટ રૂપે તથા રૂા.૨૫,૦૦,૦૦૦/- (પચ્ચીસ લાખ પુરા) ની સ્થાયી અસ્કયામતો ટ્રસ્ટ / મંડળના નામે હોવાના આધારો યુનિવર્સિટીને રજૂ કરવામાં આવે.

૨૭. મિલકતો ઋણમુકત હોવા બાબતનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર યુનિવર્સિટીમાં રજૂ કરવું.

૨૮. કોલેજ શરૂ કરતા પહેલાં મંડળ પાસે રૂા.૫,૦૦,૦૦૦/- (પાંચ લાખ પુરા) નું વર્કીંગ ફંડ હોવાના આધારો યુનિવર્સિટીમાં રજૂ કરવાના રહેશે.

૨૯. કોલેજમાં વિદ્યાર્થી પ્રવેશ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે.

૩૦. સ્ટાફ ઓફિસમાં સેનેટરીની વ્યવસ્થા કરવામાં આવે. ગર્લ્સ રૂમ સેનેટરી વ્યવસ્થા સાથે બનાવવામાં આવે.

૩૧. કોલેજના આચાર્યશ્રીને ટ્રસ્ટ / મંડળ દ્વારા સંચાલક સમિતિ પર હોદ્દાગત સભ્ય બનાવવામાં આવે.

૩૨. ખાસ (કાયદાકીય) ફી તરીકે યુનિવર્સિટીના આકસ્મિક ભંડોળમાં પ્રતિવર્ષ રૂા.૪૦૦૦/- (ચાર હજાર) લેખેની બાકી રકમ યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવે.

૩૩. કોલેજના તમામ સ્ટાફના પગાર બીલના ૨૦% રકમ સ્ટાફના નિવૃત્તિના લાભો માટે યુનિવર્સિટી સૂચવે તે નીધિમાં નિયમિતપણે જમા કરાવવામાં આવે.

૩૪. જોડાણના વિષયને અનુરૂપ પ્રતિવર્ષ રૂા.૩૫,૦૦૦/- ના પુસ્તકો અનાવર્તક ખર્ચ કરવામાં આવે.

૩૫. તમામ કર્મચારીઓના નિવૃત્તિના લાભો અંગે પ્રો.ફંડ, ગ્રેજ્યુઇટીની જોગવાઈ કરવામાં આવે.

૩૬. કોલેજમાં કોમ્પ્યુટર / પ્રિન્ટર / ફેકસ / મોડેમ વસાવવામાં આવે.

૩૭. યુ.જી.સી. / યુનિવર્સિટી દ્વારા રાજય સરકારશ્રીના નિયમ અનુસારના વખતોવખતના તમામ ભથ્થા, પગાર તથા ભથ્થાઓ કોલેજના તમામ સ્ટાફને નિયમિતપણે અને બેંક મારફત જ પગારો ચૂકવવામાં આવે.

૩૮. કોલેજમાં ઈ-મેઈલ / ઈન્ટરનેટની સગવડો ઉપલબ્ધ કરાવવામાં આવે.

૩૯. કોલેજમાં વિદ્યાર્થી પ્રવેશ માટે યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીની અનામત નીતિને અનુસરવાનું રહેશે.

૪૦. વર્ષ દરમ્યાન કોલેજમાં ખાલી રહેલ શૈક્ષણિક વર્ગની જગ્યાઓના તેટલા સમયના પગારની બચાવેલ રકમના ૧૦૦% રકમ યુનિવર્સિટીમાં જમા કરાવવામાં આવે.

૪૧. યુનિવર્સિટી અને રાજય સરકારશ્રીના ધારાધોરણથી વધુ ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી શકાશે નહીં. વિદ્યાર્થીએ કરવાના ખર્ચ માટે વિદ્યાર્થી સંસદને સાથે રાખી નહી નફો નહી નુકસાનના ધોરણે ખર્ચ વસૂલ કરી શકાશે.

૪૨. કોલેજના વિદ્યાર્થીઓ પાસેથી દર વર્ષે લેવામાં આવતી ટયુશન ફી માંથી યુનિવર્સિટીના તારીખ : ૨૯/૦૫/૨૦૦૩ ના પરિપત્ર નં. ૧૦૯/૨૦૦૩ અન્વયેની નિયમાનુસારની વિદ્યાર્થી દીઠ, પ્રતિ વર્ષ પ્રમાણેની રકમ યુનિવર્સિટીમાં "વિકાસ ફંડ" ખાતે જમા કરાવવામાં આવે. આ માટે વિદ્યાર્થીઓ પાસેથી અલગથી કોઈ વધારાની રકમ ઉઘરાવી શકાશે નહીં.

૪૩. કોલેજમાં વિદ્યાશાખા અને જોડાણના વિષયોને અનુરૂપ જરૂરી દ્રશ્ય-શ્રાવ્ય સાધનો પૂરતા પ્રમાણમાં વસાવવામાં આવે. ઈ.ટી. રૂમ તૈયાર કરવામાં આવે.

૪૪ હેમ.ઉ.ગુ. યુનિ. દ્વારા પ્રકાશિત વૃત પત્ર 'ઉદીચ્ય' નું લવાજમ રૂ.૬૦૦/- નિયમિત દર વર્ષે ફરજીયાત ભરવાનું રહેશે.

૪૫. સરકારશ્રીના શિક્ષણ વિભાગની તારીખ : ૧૯/૦૧/૨૦૧૮ ની સૂચનાનુસાર કોલેજમાં બાયોટોયલેટ તેમજ અન્ય સામાજીક પ્રોજેકટની સુવિધા ઉપલબ્ધ કરવાની રહેશે.